નવી બાબત ૨૦૧૯-૨૦

સરકારી કુમાર છાત્રાલય, બોટાદના મકાન બાંધકામ અંગે સુધારેલ અંદાજ મુજબની વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: છતલ/૧૦૨૦૧૯/ન.બા.૧૦૮/ગ

સચિવાલય, ગાંધીનગર

તા.૦૬/૧૦/૨૦૨૦

વંચાણમાં લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૭/૧૦/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક:છતલ-૧૦૨૦૧૯-ન.બા.૧૦૮-ગ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫/૦૯/૨૦૨૦ નો ઠરાવ ક્રમાંક:સકછ-૧૦૨૦૧૯-૫૮૦૬૦૭-ન.બા.૧૬-ગ

(૩) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૦૭/૦૨/૨૦૨૦નો પત્ર ક્રમાંક: અજાક-ગ-૧-૨૦૧૯-૨૦-૧૨૩૮

આમુખ:

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના વાલી આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત હોવાથી ધોરણ-૧૦ પછી તેમના બાળકોના અભ્યાસ ચાલુ ન રાખી શકતાં હોવાથી આવા વિદ્યાર્થીઓને સમાજના અન્ય હરોળની સાથે શિક્ષણની તક મળે, ઉચ્ચ અભ્યાસ કરવા પ્રેરાય અને ઉચ્ચ શિક્ષણના કેન્દ્રો ખાતે રહી અભ્યાસ કરી શકે તે માટે સરકારશ્રી દ્વારા સરકારી છાત્રાલયો ચલાવવામાં આવે છે. વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક:(૧) ના તા.૧૭/૧૦/૨૦૧૯ના ઠરાવથી સરકારી કુમાર છાત્રાલય, બોટાદ છાત્રાલયના અને સ્ટાફ કવાર્ટરના બાંધકામ માટેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ તથા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક:(૨) ના તા.૨૫/૦૯/૨૦૨૦ના ઠરાવથી સરકારી કુમાર છાત્રાલય, બોટાદના બાંધકામ માટે વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૨૦૦.૦૦ લાખની જોગવાઈ કરેલ છે. નિયામકશ્રી(અ.જા.ક.)ના વંચાણે લીધેલ ક્રમાંક:(૩) તા.૦૭/૦૨/૨૦૨૦ના પત્રથી સરકારી કુમાર છાત્રાલય, બોટાદના બાંધકામ માટેના રૂ.૭,૨૦,૪૫,૩૦૦/-ના સુધારેલ અંદાજોની વહીવટી મંજૂરી માટે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

નિયામકશ્રી(અ.જા.ક.)ના વંચાણે લીધેલ ક્રમાંક:(૩) તા.૦૭/૦૨/૨૦૨૦ના પત્રથી સરકારી કુમાર છાત્રાલય, બોટાદના બાંધકામ માટેના રૂ.૭,૨૦,૪૫,૩૦૦/-ના સુધારેલ અંદાજોની વહીવટી મંજૂરી આપવાની દરખાસ્ત અન્વયે પુખ્ત વિચારણાને અંતે સરકારી કુમાર છાત્રાલય, બોટાદના મકાન બાંધકામની નવી બાબતના રિવાઇઝ્ડ નકશા અંદાજો મુજબ રૂ.૭,૨૦,૪૫,૩૦૦/-ની સુધારેલ વહીવટી મંજૂરી આપવામાં આવે છે. સદરહુ મંજૂરી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક:(૧) અને (૨) ના તા.૧૭/૧૦/૨૦૧૯ અને તા.૨૫/૦૯/૨૦૨૦ના ઠરાવોની શરતોને આધીન આપવામાં છે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૧/૧૦/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ આર. બલદાણિયા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.),સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ-૨૦૨૦